# પીળો પતંગ મારો પીળો પતંગ.....

*****************************

એક સાવ નાની છોકરી પહેલીવાર પતંગ ચગાવતી છોકરીનું ચિત્ર દોરે છે, ચિત્રમાં છોકરીના બે ડાળી જેવા હાથ પર આંગળીઓ જાણે પર્ણની જેમ ઝૂલે છે. છોકરીના છુટ્ટા વાળ હવામાં લહેરાય છે. એનો પતંગ જાણે કાગળના આકાશમાં ઊડવા લાગે છે. ઊડે છે પતંગ અને ઊડે છે છોકરી ! ચિત્રમાંની છોકરી કાગળમાંથી નીકળી ચિત્ર દોરતી છોકરીમાં પ્રવેશી જાય છે.

વર્ષો પહેલાં હું પણ આવાં બાળચિત્ર દોરતી – હવે મને લાગે છે કે પેલાં ચિત્રમાંની છોકરી પણ હું જ હતી. મારે બે નાના હાથ હતા અને હાથમાં પતંગ, અરે ! કહોને, આખું આકાશ હતું ! પતંગની દોર જાણે પાંખ હતી. ભલે પછી પતંગ ચગાવતાં કદી ન આવડ્યો તેમાં શું ? પતંગનાં નામ કદી ન આવડ્યાં તેમાં શું ? આકાશ તો હતું, આકાશમાં પતંગો તો હતા ! હંમેશાં ખાલી, એકલાવાયું લાગતું નભ હમણાં આ દિવસોમાં રંગબેરંગી કોલાહલથી ભરાઈ રહ્યું છે. હવાના પડને વીંધીને રાતો દોર આગળને આગળ સરી રહ્યો છે. એ દોર ઘડીકમાં મારી નાની કુમળી આંગળીઓ પર ખટમીઠ્ઠો ચીરો પાડી જાય છે ને પછી હું સ્મરણનાં ઝીણાં રાંદેરી બોર ચગળ્યા કરું છું. વર્ષો પછી મને કેડેથી વાંકા વળી ગયેલા દાદા ખભે લાલ, મોટી ઝોળી ભેરવી નીચેથી 'જસુ....'ના નામની બૂમ પાડતા સંભળાય છે !

યજમાનોને ત્યાંથી ભરી ભરીને આણેલી એ ઝોળીમાંથી સારી-નબળી, જાત જાતની ચીકી, તલિયા લાડું, લીલા ચણાની ઝૂડી, નાનાં-મોટાં-લાલ-પીળાં-સારાં-સડેલાં બોર, મગ-ચોખા, પિત્તળનાં નાનાં પ્યાલાં, પાંચકા-દસકાં-પાવલી બધું નીકળી પડે છે.... અમારું લાલચું બાળમન મનગમતી ચીજ લેવા પડાપડી કરે છે. ઘરડા પગે ચાલીને બિચારા દાદા તો શેરડીના કેટલાં બધાં સાંઠા અને બોર તો ગરીબ અને નાના છોકરાંઓને રસ્તે વહેંચતા-વહેંચતા આવ્યા છે. 'નાની ! શેરડી બરાબર ચૂસજે હોં ! નહિ તો બકરીને ખાવાની મજા પડશે....' એમ ટકોરતો એમનો હસમુખો સાદ સંભળાય છે. ઝોળીમાં અમારા કેટલાંય ભેરુઓનો ભાગ અમે પણ રાખ્યો છે, તે મુઠ્ઠીમાં કે ફ્રોકના ખિસ્સામાં ભરી-ભરી મૂકીએ ને પછી સીધી દોટ છાપરે....

આગલે દિવસે મોટાઓએ છાપરાં પર ચઢવા માટે કાથીની દોરી બાંધી સીડી તૈયાર કરી દીધી હોય છે. સીડીના પાતળા અને ઊંચા-ઊંચા પગથિયાં ચઢતાં મને હંમેશા થોડી બીક લાગતી. છાપરા પર પહોંચતાં જ આકાશે ચઢી ગયા જેવી હાશ થતી. ઘણીવાર ઘણાં એ સીડી સાથે જ નીચે પટકાયાં હતાં. હજુ એ સીડી છે. હવે તે ભાગ્યે જ બંધાય છે. કોઈ અવાવરા ખૂણે પડી પડી એ જાણે મારા બીતા-ધ્રૂજતા નાના પગની રાહ જુએ છે. અમારું છાપરું, એની જમણે સહેજ ઊંચે બીજું છાપરું અને વચ્ચેની દીવાલ પકડી ગોળ ઘૂમી હળવેકથી જવાય એવું બાજુવાળાનું છાપરું. આ ત્રણે છાપરાંઓ પર અમારી સહિયારી ઉત્તરાયણ ઉજવાતી. હવે તો આ ત્રણેય છાપરાં ગગનચૂંબી ઈમારતોની છાયામાં વામણાં બની ગયાં છે. તેમનું છાપરાપણું લુપ્ત થઈ ગયું છે.

પણ ત્યારે તો ત્રણે છાપરાં આભને અડતાં હોય એમ અમને વહાલાં હતાં. અમે છોકરીઓ ઝાડુથી એને સુંદર વાળી પણ નાંખતી. સહેજ ઊંચા, વચલાં છાપરાં પર નકામી ચાદર લટકાવી પરદો કરી અમારું નાનકડું, શીતળ છાયાવાળું ઘર બનાવતા. પેલી ઝોળીનાં તથા પોતપોતાનાં ઘરનાં ચીકી-બોરની ઉજાણી કરતાં, ઘરઘરની રસોઈ બનાવતાં – જમતાં – ટૂંટિયું વળી સૂઈ જતાં અને કદીક લડાઈ પણ કરતાં. દર વર્ષે ઉત્તરાયણ પહેલાં અમારી બીજી પરીક્ષા પૂરી થઈ જતી અને શાળામાં અઠવાડિયું રજા પડતી. એટલે ઉત્તરાયણ એક-બે નહિ પણ સાત દિવસ ચાલતી. ત્યારે તો ગલીએ ગલીએ આટલા બધા પતંગ નહીં મળતા. આગલા દિવસે ભાઈ અને તેના મિત્રો રાંદેર જઈ પતંગ લઈ આવતા અને પછી રાતે સમૂહમાં કન્ના બંધાતાં. અમે નાનાઓ જિજ્ઞાસુ મનથી આમતેમ અટવાતાં, વચ્ચે ડાફાં માર્યાં કરતાં કે નાની-નાની મદદ કરતાં.

વહેલી સવારે ખાસ્સી ઠંડીમાં હજી માંડ અજવાળું થાય ત્યારે જ પતંગવીરો છાપરે ચઢી જતાં. સૂરજ ઊગતામાં જ આખ્ખું આકાશ પતંગોથી ભરાઈ જતું. કેટલાંક પક્ષીઓ આમતેમ ગભરાઈને અટવાતાં ઊડી જતાં. પાઘડી ને બેપટ્ટો ને ફુદ્દી જાતજાતનાં નામોનો ધ્વનિ જોરશોરથી બોલાતો. અમારે છોકરીઓએ તો પતંગ શા ચગાવવાના ? પરતી પકડવાની રહેતી. નાના હાથોમાં ગોળગોળ ફરતી પરતી (ફિરકી) ગુલાબી વર્તુળ રચતી. ભાઈઓ બહેનોને સહેલ આપી રાજી કરતા. પણ સહેલ લેવામાંય મારો પતંગ તો જાણે ગોટ ખાઈ જતો. દૂર-દૂર ચગતાં પતંગનો દોર મારા નાના હાથને ભારેભારે લાગતો. સહેલ લેવાની એક-બે પળ ખરેખર સહેલ જેવી જ બની જતી. તડકો ચઢતાં ઊંચું જોઈ-જોઈ આંખો થાકી જતી. કપાયેલા પતંગ માટે ધમાચકડી મચતી. હાથ પર છે....ની કર્ણભેદી બુમરાણ થતી. ઉગ્ર સાદે ઝઘડા પણ થતાં અને છાપરાંઓ પરથી હળવો પથ્થરમારો પણ થતો. બધાંના ખીજનાં નામ પડતા. કાયપોચ..... ના સુરતી લહેકાદાર કંઠો ગાજતા. નીચેથી કામ માટે બા બૂમો માર્યાં કરતી, જે અમને સંભળાતી.... છતાં ન સાંભળતાં. છુટ્ટા વાળ પર વાદળીવાળી હેટ અને ગૉગલ્સ પહેરેલી હીરોઈન જેવી છોકરીઓને અમે નાની બાળાઓ ઘુટરપુટર તાક્યા કરતી. મોટેથી ફિલ્મી ગીતોની ટેપ વાગતી. છોકરીઓની મશ્કરી થતી. ક્યારેક ગાળો પણ બોલાતી. અમારા ત્રણે છાપરાંના સીધાંસાદાં-ડાહ્યાડમરાં સભ્યો મૂક બની જતાં.

બપોર પછી ચારેક વાગ્યે પતંગનો બીજો દોર શરૂ થતો. પવન બરાબર હોય તો પતંગબાજો બરાબર ખીલી ઊઠતાં. પવન પડી ગયો હોય તો ઠુમકાં મારી મારી કંટાળતાં. ઠેઠ અંધારું થઈ જાય, ઝાંખો-ઝાંખો દેખાતો પતંગ પણ અદશ્ય થઈ જાય ત્યાં સુધી બધાં છાપરે રહેતા. પછી અંધકારના ઓળા બધાં જ છાપરાં પર ઊતરી આવતાં. ટેપ રેકોર્ડર ધીમાં કે બંધ થઈ જતાં. કંઈક ન ગમતું છાનું છાનું છવાઈ જતું. ધૂળથી ખરડાયેલાં, ફાટી ગયેલાં હાથ-પગ ધોવા અમે નીચેની નાની અગાસીના બાથરૂમનો નળ ખળળ.... ખોલતાં ને પછી બહાર આવી ઊંચે જોતાં તો તાજાં અંધારામાં છૂટાંછવાયાં કંડિલ ટમટમતાં દેખાતાં. એનું ટમટમવું મારી આંખોમાં આજેય વિસ્મયના અગણિત વર્તુળો ઉપસાવે છે.

વાસી ઉત્તરાયણ વાસી જ રહેતી. ફેંકાયેલી-નકામી દોરીની ગૂંચ ઉકેલી પીંડુ વાળી હું બાને આપતી. સામસામે દોરી ઘસી અમે ઘિસરપટ્ટા રમતાં અને ફટ્ટ દઈ દોરી તૂટી જતી. ફાટેલાં પતંગ સાંધવા માટે અગાસીના એક કૂંડાના

કાંટાળા છોડનું ટોચકું તોડતાં પટાક દઈ ગુંદર જેવું ચીકણું પ્રવાહી નીકળતું એ જોવાની મજા પડતી. ધીમેધીમે રજાના દિવસો પૂરા થતાં અને અંદર ઉત્સવ પછીનો ખાલીપો ભરાઈ જતો. ફરી કોઈક ખૂણે આવતી ઉત્તરાયણની રાહ જોવા મંડાતી.

ભૌમિક હવે મળશે ત્યારે એનો ગોરો વાન કાળો પડી ગયો હશે. આ આઠ-દસ દહાડા એ બસ અગાસીમાં જ ધામા નાંખે છે. એ ભૌમિક નહિ પણ પતંગ બની જાય છે. બાળપણમાં દરેક ઉત્સવ કે દરેક બાબતમાં થોકડે થોકડાં વિસ્મય-મુગ્ધતા અનુભવાય છે. પછી એ ધીમે ધીમે ઘટતાં જાય છે. એક તબક્કે સંપૂર્ણ લુપ્ત થઈ જાય છે. જ્યારે આ મુગ્ધતા ગુમાવી દઈએ છીએ ત્યારે જાણે જીવન પણ ગુમાવી દઈએ છીએ. પછી મોટા સાદે ‘પીળો પતંગ મારો પીળો પતંગ, આકાશે ઊડતો પીળો પતંગ....’ ગવાતું નથી. બાએ લાલ ઝોળીમાંથી ખોબો ભરીને આપેલા બોર ખવાતાં નથી, શેરડીના મધમીઠા રસમાં ઝબોળાઈ-ઝબોળાઈને ડૂબકી મરાતી નથી, પહેલી વાર દોરેલી એવી પતંગ ચગાવતી છોકરી દોરાતી નથી....

બાકી તો, જે પતંગ મેં કદી ચગાવ્યો જ નહોતો કે કદી મને ચગાવતાં આવડ્યો જ નહોતો, એય કપાઈ ગયા જેવું લાગે છે. પરંતુ મારી લુપ્ત થઈ ગયેલી એ તમામ ઉત્તરાયણો આ દિવસોમાં કોઈ એક ક્ષણે પેલા કાગળ પરના ચિત્રમાં જીવંત થઈ જાય છે. પેલી કાગળની છોકરીના વાળ, હાથ, હાથની આંગળીઓ, આંગળી વચ્ચેનો રાતો દોર અને દોરને બાંધેલો પીળો પતંગ ભૂરા આકાશે ઊડવા માંડે છે અને તે સાથે જ ઊડવા માંડે છે પેલી છોકરી.....

mukesh mori
veraval
9227687134

BACK to
www.vadwala.com